# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 27-01-2025** **Day: Monday** **Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-પ્રયાગરાજ વોલ્વો બસ:

ગુજરાતના શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવી શકે તે માટે ગુજરાતથી દરરોજ પ્રયાગરાજ સુધીની એસી વોલ્વો બસ શરૂ કરવામાં આવી છે. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રયારાજ જતી પ્રથમ બસને ગાંધીનગર સર્કિટ હાઉસથી કેસરી ઝંડી આપી “ચલો, કુંભ ચલે” યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

મંત્રોચ્ચાર તેમજ વિધિ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ પ્રથમ વોલ્વો બસમાં પ્રયાગરાજ જઈ રહેલા તમામ શ્રદ્ધાળુઓને આવકાર્યા હતા અને સુખદ યાત્રાની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે વાહનવ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે , આ વિશેષ બસ સેવાનું ઑનલાઇન બુકિંગ શરૂ થતાની સાથે જ ગણતરીના કલાકોમાં બુકિંગ ફૂલ થઇ ગયું છે. ગુજરાતના હજુ વધુ શ્રદ્ધાળુઓ પોતાના પરિવાર સાથે પ્રયાગરાજ જઈ શકે તે માટે વધુ બસો મૂકવા અંગે નિર્ણય લેવામાં આવશે.

---

## બોર્ડરવિંગ-ત્રણ કર્મચારીઓને ચાંદર જાહેર:

પ્રજાસત્તાક પર્વ નિમિતે ભુજ ખાતે બટાલિયન બોર્ડરવિંગ હોમગાર્ડઝ કચેરી ખાતે ફરજ બજાવતા ૩ કર્મચારીઓની લાંબી પ્રશંસનીય કામગીરી બદલ તેમની સેવાની કદરરૂપે ભારતના માનનીય રાષ્ટ્રપતિ ચંદ્રક તથા માન. મુખ્યમંત્રી ચંદ્રક જાહેર કરાયા છે.

માનનીય રાષ્ટ્રપતિ ચંદ્રક માટે નાયબ સુબેદાર પ્લાટુન કમાન્ડર તુલસીભાઇ આલાભાઇ ઝાલા પસંદગી પામ્યા છે. તો, સેવા વિષયક માહિતી - માનનીય

મુખ્યમંત્રીના ચંદ્રક માટે નાયક ઇન્દ્રસિંહ યુ. સોઢા અને નાયક ન્યાલા ગણેશા ભાટી પસંદગી પામ્યા છે.

આ એવોર્ડ મળવા બદલ આ કર્મચારીઓને પશ્ચિમ કચ્છ એસ.પી તથા બટાલિયન કમાન્ડન્ટ વિકાસ સુંડા તથા નં.૨ બટાલિયન બોર્ડરવિંગના સેકન્ડ-ઇન-કમાન્ડ ડી.એન.જાડેજા તથા સમગ્ર સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

---

## જીલ્લામાં પ્રજાસત્તાક પર્વ ઉજવણી:

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે જિલ્લામાં ઠેર ઠેર ઉજવણી કરવામાં આવી હતી. કચ્છ વન વિભાગ દ્વારા સરહદીય ક્ષેત્ર કોરીક્રીક પડાલા બેટ સહિત જિલ્લાના અન્ય ૯ ટાપુઓ પર ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. પશ્ચિમ કચ્છ પોલીસ , મરીન ટાસ્ક ફોર્સ, સ્ટેટ આઈ.બી. , વન વિભાગ તથા બોર્ડર સિક્યુરિટી ફોર્સ દ્વારા સંયુકત રીતે ભકલ બેટ પર ધ્વજવંદન કરાયું હતું. પ્રજાસત્તાક પર્વ ઉજવણી અંતર્ગત પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા ભુજ ખાતે ત્રણ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજાયા હતા જેમાં પોલીસ પરિવારની મહિલાઓ માટે રસ્સતા ખેંચ અને સંગીત ખુરશી જેવી સ્પર્ધાઓ યોજાઇ હતી, બીજા દિવસે તાલીમ ભવન ભુજ ખાતે બાળકો માટે નિબંધ અને ચિત્ર સ્પર્ધા યોજાઇ હતી. પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો.

---

## સૂર્યકિરણ એરોબેટીક:

ભારતીય વાયુ સેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા ૩૧ જાન્યુઆરી અને પહેલી ફેબ્રુઆરીએ ધોરડોના સફેદ રણના આકાશમાં શાનદાર એર-શૉ યોજાશે.

સૂર્યકિરણ એરોબેટિક ટીમ ના પાયલટ આકાશમાં વિવિધ હવાઈ કરતબ બતાવી વાયુસેનાની ક્ષમતાઓનું પ્રદર્શન કરશે. સૂર્યકિરણ ટીમની સાથોસાથે સુખોઈ- ૩૦ અને જગુઆર વિમાન પણ આ શૉમાં ભાગ લેશે. ધોરડો ખાતે પ્રદર્શન નિહાળવા માગતા દર્શકોએ બપોરે સાડા ત્રણ કલાક સુધીમાં પોતાનું સ્થાન લઇ લેવા અનુરોધ કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સૂર્યકિરણ એરોબેટિક ટીમની ગણના વિશ્વની શ્રેષ્ઠ એરોબેટિક્સ ટીમોમાં થાય છે. આ ટીમે ભારતમાં ૫૦૦થી વધુ પ્રદર્શન કર્યાં છે , તે ઉપરાંત ચાઈના, શ્રીલંકા, મ્યાંમાર, થાઇલેન્ડ, સિંગાપોર અને સંયુક્ત અરબ અમિરાતમાં હવાઈ પ્રદર્શન કર્યું છે.

---

## નગરપાલિકા ચૂંટણીઓ-સેન્સ પ્રક્રિયા:

જીલ્લામાં રાપર અને ભચાઉ નગરપાલિકાની આગામી ચૂંટણીઓ માટે રાજકીય પક્ષોએ તૈયારીઓ શરુ કરી છે. ભાજપે ભુજ સ્થિત કમલમ ખાતે સેન્સ પ્રક્રિયા શરૂ કરી હતી, જ્યારે કોંગ્રેસે પણ દાવેદારોના નામ એકત્ર કર્યાં છે.

સી વર્ગની બંને નગરપાલિકામાં 7 વોર્ડની કુલ 28 બેઠકો માટે 16 ફેબ્રુઆરીએ મતદાન યોજાશે. રાપરમાં ભાજપમાંથી 187 અને કોંગ્રેસમાંથી 90 દાવેદારોએ ટિકિટ માટે અરજી કરી છે. ભચાઉમાં ભાજપના શહેર પ્રમુખ વિશાલ કોટકે સેન્સ પ્રક્રિયા ચાલી રહી હોવાનું અને કોંગ્રેસના અગ્રણી મનજી રાઠોડે 87 જેટલા લોકોએ દાવેદારી નોંધાવી હોવાનું કહ્યું હતું.

---